આજે કેન્દ્રીય ગૃહ મંત્રી સાથે પણ બીજી બેઠક યોજાઈ

# ધનતેરશે રાજ્યના મંત્રીમંડળમાં ફેરબદલ-વિસ્તરણની સંભાવના

**ભૂપેન્દ્ર** પટેલ, જગદીશ વિશ્વકર્મા અને રત્નાકરની દિલ્હીમાં પીએમ મોદી સાથેની બેઠક પાંચ કલાક ચાલી

ગાંધીનગર: છેલ્લા 24 કલાકની ભાજપ હાઈકમાન્ડ સાથે મહત્વની બેઠકોનો દોર યોજ્યા બાદ હવે સીએમ ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળનું આગામી ધનતેરસે વિસ્તરણ તથા ફેરબદલ થનાર છે. જેમાં 10 નવા ચહેરાઓને સ્થાન મળશે, જ્યારે નબળું રિપોર્ટ કાર્ડ ધરાવતા મંત્રીઓને પડતાં મૂકવામાં આવનાર છે. ખાસ કરીને ભૌગોલિક સ્થિતિ તથા જ્ઞાતિના સમીકરણને ધ્યાને રાખીને નવા ચહેરાઓને કેબિનેટમાં સમાવવામાં આવનાર છે. ધનતેરસ પર નવા મંત્રીઓ શપથ લે તેવી સંભાવના જોવાઈ રહી છે.

ગઈકાલે અચાનક દિલ્હી પહોંચેલા સીએમ ભૂપેન્દ્ર પટેલ , પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ પંચાલ અને પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર સહિત ત્રણેય નેતાઓની પીએમ નરેન્દ્ર મોદી સાથે મહત્વની બેઠક પાંચ કલાક ચાલી હતી. જેમાં કેબિનેટમાં ફેરફાર તથા સંગઠનમાં નવી નિમણૂંકો માટે લંબાણપૂર્વકની ચર્ચા થવા પામી હતી. સીએમ ભૂપેન્દ્ર પટેલ તથા જગદીશ પંચાલ રાત્રે નવી દિલ્હીમાં રોકાઈ ગયા હતા. આજે સવારે તેઓની મહત્વની બેઠક કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહ સાથે પણ બેઠક થઈ હતી. જેમાં કેબિનેટમાં ફેરફાર તથા સંગઠનની મહત્વની નિમણૂંક મામલે ચર્ચા થવા પામી હતી.

### કયા કયા મંત્રીઓ પડતા મુકાઈ શકે છે ??

જે મંત્રીઓને પડવા મુકવાની ચર્ચાઓ ચાલી રહી છે તેમાં અન્ન-પુરવઠા રાજ્યમંત્રી ભીખુસિંહ પરમાર, પંચાયત મંત્રી બચુ ખાબડ, કૃષિ મંત્રી રાઘવજી પટેલ, પ્રવાસન મંત્રી મૂળુ બેરા, મહિલા, બાળ વિકાસ મંત્રી ભાનુ બાબરિયાનો સમાવેશ થાય છે. જ્યારે જયેશ રાદડિયા, મહેશ કસવાલા, અલ્પેશ ઠાકોર, જીતુ વાઘાણી, કેયુર રોકડિયા, જીતુ ચૌધરી, સંગીતા પાટીલ, વિનુ મોરડીયા, ઉદય કાનગડ, રીવાબા જાડેજાને સમાવવામાં આવી શકે છે. નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્ર અને લેઉવા પાટીદાર ફેક્ટરને ખાસ ધ્યાનમાં રાખવામાં આવશે. સાથે જ પાટીદાર, ઓબીસી , કોળી, એસસી-એસટી અને ઉત્તર-દક્ષિણ-મધ્ય ગુજરાતના સંતુલન પર પણ પાર્ટી ધ્યાન રાખશે. હાલના મંત્રી ઋષિકેશ પટેલ, બળવંતસિંહ રાજપૂત, હર્ષ સંઘવી, કુંવરજી બાવળિયા, કુબેર ડિંડોર, પ્રફુલ પાનસેરિયા, પરસોત્તમ સોલંકી અને મુકેશ પટેલને કેબિનેટમાં યથાવત રાખવામાં આવી શકે છે. પરંતુ અન્ય આગેવાનોના મત પ્રમાણે આ નામો પણ હજુ ફાઈનલ નથી. ભાજપના દિલ્હી દરબારમાં ચાલી રહેલી ચર્ચા મુજબ , 10 મંત્રીઓને દૂર કરવામાં આવી શકે છે. તેમના સ્થાને નવા મંત્રીઓ આવી શકે છે, અને બાકીના મંત્રીઓ યથાવત રહેશે. ભાજપનો પરાજય થયો હતો અને આપના ગોપાલ ઈટાલીયાઓનો વિજય થયો હતો. જેના પગલે સૌરાષ્ટ્રમાં તેના વધતા પ્રભાવે ભાજપ માટે પડકાર ઉભો કર્યો છે.

### નવા મંત્રીમંડળમાં સોશિયલ એન્જિનિયરિંગનો ઉપયોગ કરાય તેવી સંભાવના

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પાટીદાર છે, જ્યારે નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ઓબીસી છે. પરિણામે, ભૂપેન્દ્ર પટેલની નવી ટીમ નવા પ્રકારના સોશિયલ એન્જિનિયરિંગનો ઉપયોગ કરે તેવી અપેક્ષા છે. મંત્રીમંડળ વિસ્તરણમાં ઘણા આશ્ચર્યજનક ચહેરાઓનો સમાવેશ થઈ શકે છે. મંત્રી મંડળ વિસ્તરમાં સૌરાષ્ટ્ર અને લેઉઆ પાટીદાર ફેક્ટરને બેલેન્સ કરવામાં આવશે.

# ઓલપાડમાં પાવર ગ્રીડ જમીન સંપાદનમાં કૌભાંડ: કોંગ્રેસ

**રાજકીય** "મોટા માથાઓ"એ જમીન ખરીદી-એન.એ. કરીને સરકારને રૂ.૨૧૯ કરોડનો ચૂનો લગાવ્યો

**કૌભાંડ** મામલે સીટની રચના કરી તપાસ કરાવવા કોંગ્રેસનો ડો. તુષાર ચૌધરીની માંગ

ગાંધીનગરઃ સુરતના ઓલપાડમાં પાવર ગ્રીડ કોર્પો. માટે ૭૬૫ કેવીએના સબ સ્ટેશનનું નિર્માણ કરવા સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ટકારમા, ગોલા અને રાજનગરની જમીન સંપાદન કરવામાં કરોડોનું જમીન કૌભાંડ થયું છે, તેની તપાસ કકરવા માટે સીટની રચના થવી જોઈએ, તેવી માંગ ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ માંગ કરી છે. રાજ્ય સરકારના પાવર ગ્રીડ સબસ્ટેશન માટે જમીન સંપાદનની કાર્યવાહી દરમિયાન ૨૧૯ કરોડનું નુકસાન રાજ્યની તિજોરીને પહોંચાડવામાં આવ્યું હોવાનો આક્ષેપ વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ કર્યો છે.

તેમણે જણાવ્યું હતું કે, ઓલપાડ તાલુકાના ત્રણ ગામો ટકારમા, ગોલા અને રાજનગરમાં જમીન સંપાદન કરવાની યોજના હતી, પરંતુ પછી અચાનક ઓલપાડ ગામની જમીન પસંદ કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. આ દરમિયાન કેટલાક "મોટા માથાઓ"એ રાજકીય પ્રભાવથી જમીન ખરીદી અને બિનખેતી (NA) કરાવી દીધી, જેના કારણે સરકારે વધુ કિંમત ચૂકવવી પડી. ચૌધરીએ આ આખા "જમીન એન.એ. કૌભાંડ"ની SIT દ્વારા નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે. તુષાર ચૌધરીએ સરકારને ચેતવણી આપી કે, કોંગ્રેસ ખેડૂતોના હક્ક માટે હંમેશા લડવા તૈયાર છે. ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ સામે પ્રજા અને ખેડૂતોને ન્યાય અપાવવા માટે લડત ચાલુ રહેશે."

### કેટલી જમીન એન.એ. થઈ ? તે તપાસનો વિષય

આક્ષેપ કરતાં ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, હવે સવાલ એ થાય કે, પહેલા જે ત્રણ ગામો પસંદ કરવામાં આવ્યા હતા, એ ગામોમાંથી શા માટે જમીન સંપાદન કરવામાં ન આવી? ટકારમા, ગોલા અને રાજનગરની જગ્યાએ સબસ્ટેશન બાંધવા માટે ઓલપાડ ગામની જમીન સંપાદન કરવા માટે શા માટે જાહેરનામું કરવામાં આવ્યું? ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૨૪થી જાહેરનામાની તારીખ સુધી કેટલા નવા ખરીદ વેચાણ થયા? ઓલપાડની બ્લોક નં. પૈકી કેટલી જમીન ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૪ પછી બિનખેતી કરવામાં આવી? ચાલુ વર્ષે જમીન ખરીદ કરીને એન.એ. કરાવી દીધી હોય એવા મોટા માથાઓનો સમાવેશ થાય છે. પાવર ગ્રીડ લાઇન સ્થપાવાની છે, એની જાણ તેઓને અગાઉથી થઈ ગઈ હોવાથી ચાલુ વર્ષે જ જમીન ખરીદીને એ જમીન એન.એ પણ કરી દેવામાં આવી. જેનાથી ગુજરાત સરકારે રૂ.૨૧૯ કરોડ વધુ ચૂકવવા પડે એમ છે.

### સુરત શહેરમાં ૭,૦૦૦ ગેરકાયદે કોટેજ ઈન્ડસ્ટ્રિઝ: ડો. તુષાર ચૌધરી

ડો. તુષાર ચૌધરીએ સુરત મહાનગરપાલિકા પર પણ ભ્રષ્ટાચારના આક્ષેપ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રહેણાંક વિસ્તારોમાં આશરે ૭,૦૦૦ જેટલી કોટેજ ઈન્ડસ્ટ્રીઝને ગેરકાયદે પરવાનગી આપવામાં આવી છે, જેમાં નિયમ વિરુદ્ધ વધારાના માળ બાંધીને અને પાર્કિંગ ચાર્જની ચૂકવણી કર્યા વગર શહેરની તિજોરીને રૂ.૩,૪૭૫ કરોડ જેટલું નુકસાન થયું છે. તેમણે કહ્યું હતું કે, આ ગેરકાયદે ઉદ્યોગો રાજકીય સંરક્ષણ હેઠળ ધમધમી રહ્યા છે. શહેરી વિકાસ વિભાગ અને તકેદારી આયોગને રજૂઆત છતાં કોઈ કાર્યવાહી થઈ નથી.

# પાકિસ્તાન અને તાલિબાન એકબીજાના દુશ્મન કેમ બની ગયા?




તાલિબાનના વિદેશ પ્રધાન અમીર ખાન મુત્તાકીએ જે દિવસે ભારતની મુલાકાત શરૂ કરી હતી તે જ દિવસે પાકિસ્તાને કાબુલ પર હુમલો કર્યો હતો. હજુ થોડા જ સમય પહેલાં પાકિસ્તાન અને તાલિબાન વચ્ચે દોસ્તી હતી. અમેરિકા અને તાલિબાન વચ્ચે સમજૂતી કરાવવામાં પાકિસ્તાને ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી; તો અચાનક એવું શું બન્યું કે તાલિબાન પાકિસ્તાનનું દુશ્મન બની ગયું છે અને ભારત સાથેના સંબંધો સુધારવા આતુર બની ગયું છે? ૨૦૨૧ માં તાલિબાન અફઘાનિસ્તાનમાં સત્તામાં આવ્યા પછી તાજેતરનો તણાવ બંને પડોશીઓ વચ્ચેની સૌથી ગંભીર અથડામણોમાંની એક છે. બંને દેશો વચ્ચેના સંબંધો બગડી રહ્યા છે, કારણ કે પાકિસ્તાન તાલિબાન પર તહરીક-એ-તાલિબાન TTP પાકિસ્તાનના સભ્યોને આશ્રય આપવાનો આરોપ લગાવે છે, જેણે પાકિસ્તાનમાં ઘાતક હુમલાઓ કર્યા છે. તાલિબાન પાકિસ્તાનના આ આરોપને નકારે છે.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે બે હજાર કિલોમીટરથી વધુ લાંબી સરહદ છે, જેને ડ્યુરન્ડ લાઇન તરીકે ઓળખવામાં આવે છે. અફઘાન તાલિબાનને ટેકો આપવો એ પાકિસ્તાન રાષ્ટ્રીય હિતનો વિષય માનતું આવ્યું છે. મહિનાઓ સુધી ચાલેલા રાજદ્વારી તણાવ પછી થયેલી તાજેતરની લડાઈ દર્શાવે છે કે બંને પડોશીઓ વચ્ચેના સંબંધો ફરી એક વાર નવા સંઘર્ષની અણી પર પહોંચી ગયા છે. ઓગસ્ટ ૨૦૨૧ માં તાલિબાને સત્તા કબજે કરી ત્યારથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ઘણી વખત તણાવ ભડક્યો છે. પાકિસ્તાને શરૂઆતમાં તાલિબાનના પુનરાગમનનું સ્વાગત કર્યું હતું. તેને આશા હતી કે તાલિબાન તેની પશ્ચિમી સરહદને સ્થિર કરશે અને TTP દ્વારા કરાતા હુમલાઓને રોકશે. TTP એક જૂથ છે જે વૈચારિક રીતે અફઘાન તાલિબાન સાથે જોડાયેલું છે. પાકિસ્તાન કહે છે કે સરહદ પારથી ટીટીપીના હુમલાઓમાં તેના સેંકડો સૈનિકો માર્યા ગયા છે. તાજેતરનાં વર્ષોમાં બંને પક્ષોએ ડ્યુરન્ડ લાઇન પર વાડ બનાવવા અંગે પણ અથડામણ કરી છે. ડ્યુરન્ડ લાઇન વસાહતી યુગની સરહદ છે, જેને અફઘાનિસ્તાને ક્યારેય ઔપચારિક રીતે માન્યતા આપી નથી. ચમન, કુર્રમ અને બાજૌર જેવા વિસ્તારોમાં સરહદ પારથી ગોળીબારની ઘટનાઓ વધી છે, જેના કારણે અનેક વખત મુખ્ય વેપાર માર્ગો બંધ કરવા પડે છે.

ટુ ધ પોઇન્ટ

સમકિત શાહ

શનિવારે રાત્રે પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર ભીષણ અથડામણ થઈ હતી, જેમાં બંને પક્ષોએ એકબીજા પર આખી રાત હુમલા કરવાનો આરોપ લગાવ્યો હતો. પાકિસ્તાની સૈન્યનું કહેવું છે કે અફઘાન તાલિબાન લડવૈયાઓ અને સાથી આતંકવાદી જૂથોએ શનિવારે મોડી રાત્રે કોઈ પણ ઉશ્કેરણી વિના હુમલો કર્યો, જેમાં પાકિસ્તાની સરહદ પરની અનેક ચોકીઓને નિશાન બનાવવામાં આવી. પાકિસ્તાની સેનાએ કહ્યું કે તેમણે હુમલાને નિષ્ફળ બનાવવા માટે તોપખાના અને હવાઈ હુમલાનો ઉપયોગ કરીને જોરદાર જવાબ આપ્યો. પાકિસ્તાની અધિકારીઓએ દાવો કર્યો છે કે તેમનાં દળોએ થોડા સમય માટે ૨૧ અફઘાન ચોકીઓ પર કબજો કર્યો હતો અને પાકિસ્તાન સામે હુમલાઓનું આયોજન કરી રહેલાં આતંકવાદી તાલીમ કેન્દ્રોનો નાશ કર્યો હતો.પાકિસ્તાની સેનાએ અહેવાલ આપ્યો હતો કે તેના ૨૩ સૈનિકો માર્યા ગયા અને ૨૯ ઘાયલ થયા હતા, જ્યારે પાકિસ્તાનની જવાબી કાર્યવાહીમાં તાલિબાન સાથે જોડાયેલા ૨૦૦ થી વધુ લડવૈયાઓ માર્યા ગયા હતા. તાલિબાનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ૫૮ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે. પ્રવક્તાએ તેને બદલો ગણાવ્યો અને પાકિસ્તાન પર ગુરુવારે અફઘાન હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કરવાનો અને કાબુલ નજીકના બજારમાં બોમ્બમારો કરવાનો આરોપ મૂક્યો હતો. પાકિસ્તાની લશ્કરી પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ હવાઈ હુમલાઓ અંગેના પ્રશ્નોના સીધા જવાબ આપ્યા ન હતા. તેમણે કહ્યું કે અમે પાકિસ્તાનના લોકોના જીવ બચાવવા માટે જે કંઈ જરૂરી હશે તે કરી રહ્યા છીએ અને કરતા રહીશું. તેમણે અફઘાનિસ્તાનને અપીલ કરી કે તે તેની જમીનનો ઉપયોગ પાકિસ્તાન વિરુદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે થતો અટકાવે.

વિશ્લેષકો કહે છે કે બંને પક્ષો વચ્ચે વિશ્વાસનો અભાવ, આર્થિક તણાવ અને અસરકારક સુરક્ષા ઉપકરણના અભાવે એક સમયે છુપાયેલા સંઘર્ષને ખુલ્લી દુશ્મનાવટમાં ફેરવી દીધો છે. ઇસ્લામાબાદ સ્થિત સુરક્ષા વિશ્લેષક ઇમ્તિયાઝ ગુલે તાજેતરની હિંસાને મહિનાઓના તણાવની પરાકાષ્ઠા ગણાવી હતી. પાકિસ્તાનમાં આતંકવાદી હુમલાઓનું નેતૃત્વ કરી રહેલા TTP સામે નિર્ણાયક પગલાં લેવાનો અફઘાન શાસનનો ઇનકાર કરવાથી પાકિસ્તાન પાસે મર્યાદિત વિકલ્પો બચ્યા છે. પાકિસ્તાને તાલિબાન પર પ્રભાવ ધરાવતા દેશો, જેમાં ચીન, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે. તેમની પાસેથી રાજદ્વારી મદદ લેવી જોઈએ જેથી તે TTP સામે કાર્યવાહી કરવા માટે દબાણ કરી શકે. પાકિસ્તાન અને સાઉદી અરેબિયાએ તાજેતરમાં એક સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જેમાં જણાવાયું છે કે કોઈ પણ દેશ સામે કોઈ પણ આક્રમણને બંને દેશો સામેનું આક્રમણ ગણવામાં આવશે. વિશ્વાસની કટોકટીએ પરિસ્થિતિને વધુ વણસાવી છે. તાલિબાન પાસે પાકિસ્તાની સેના સામે સીધી લડવાની ક્ષમતા નથી અને બદલાની કાર્યવાહીને કારણે જાહેર ગુસ્સો શાંત થયા પછી તેઓ પીછેહઠ કરે તેવી શક્યતા છે.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેના તણાવને કારણે આ ક્ષેત્રમાં સંભવિત અશાંતિ અને અસ્થિરતા અંગે નિષ્ણાતો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. આ તણાવ મોટા સંઘર્ષમાં ફેરવાય તે પહેલાં પ્રભાવશાળી દેશોએ પાકિસ્તાન પર દબાણ લાવવાની જરૂર છે. સાઉદી અરેબિયાના વિદેશ મંત્રાલયે એક નિવેદન જારી કરીને પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં ચાલી રહેલા તણાવ અને અથડામણો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને બંને પક્ષોને સંયમ રાખવાની અપીલ કરી છે. સાઉદી અરેબિયાએ કહ્યું કે તે આ બાબત પર નજર રાખી રહ્યું છે. કેટલાક નિષ્ણાતો કહે છે કે પાકિસ્તાને ઉગ્રવાદના મુદ્દા પર તાલિબાન પર દબાણ લાવવા માટે કાબુલ પર હવાઈ હુમલો કર્યો હતો. પરંતુ પ્રશ્ન એ છે કે શું આનાથી ઉગ્રવાદને કાબૂમાં લેવામાં સફળતા મળશે?

ભૂતપૂર્વ ભારતીય રાજદ્વારી વીણા સીકરીએ જણાવ્યું હતું કે આ હુમલા દ્વારા પાકિસ્તાન તાલિબાનના વિદેશ પ્રધાનની ભારત મુલાકાત પર અફઘાનિસ્તાન પ્રત્યે પોતાનો ગુસ્સો બતાવી રહ્યું છે. વીણા સિકરી કહે છે કે જ્યારે ઇઝરાયલે દોહા પર હુમલો કર્યો ત્યારે મધ્ય પૂર્વના દેશો સહિત આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ઘણો ગુસ્સો હતો તેથી પાકિસ્તાન દ્વારા કાબુલ પર હુમલો કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. પાકિસ્તાને કાબુલ પર હુમલો કરીને ખોટું કર્યું છે. આની પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર નકારાત્મક અસર પડી રહી છે. એક રીતે પાકિસ્તાન પણ અફઘાનિસ્તાન પ્રત્યે નારાજગી વ્યક્ત કરી રહ્યું છે કે તેના વિદેશ પ્રધાન ભારત કેમ આવ્યા? ભારત અને અફઘાનિસ્તાને સંયુક્ત નિવેદન પણ બહાર પાડ્યું છે. સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે લાંબા સમયથી સંરક્ષણ સંબંધો છે, તેથી બંને દેશો વચ્ચેના સંરક્ષણ કરારને અન્ય કોઈ રીતે જોવો જોઈએ નહીં. તેને ફક્ત એક આર્થિક વ્યવહાર તરીકે જોવો જોઈએ. મને નથી લાગતું કે સાઉદી અરેબિયા પોતાની રીતે આવું કોઈ પગલું ભરશે, કારણ કે ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે સંબંધો છે. આ ઉપરાંત, સાઉદી અરેબિયાના અન્ય દેશો સાથે પણ પોતાના સંબંધો છે. પાકિસ્તાન આવા હુમલાઓનો ઉપયોગ અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકાર પર ટીટીપી અંગે દબાણ કરવા માટે કરી રહ્યું છે. પાકિસ્તાનના મતે TTP અફઘાનિસ્તાનમાં સક્રિય છે અને ભારતની મદદથી ત્યાંથી પાકિસ્તાનમાં હુમલાઓ કરી રહ્યું છે. પાકિસ્તાનમાં સુરક્ષા દળો પર વારંવાર થઈ રહેલા હુમલાઓએ પાકિસ્તાનના લશ્કરી અધિકારીઓ પર દબાણ લાવ્યું છે અને તેઓ અફઘાનિસ્તાનમાં હુમલા કરીને પોતાનાં લોકોને બતાવવા માંગે છે કે તેઓ બદલો લઈ રહ્યા છે. પાકિસ્તાનના અફઘાનિસ્તાન પરના હુમલા ભારત માટે એક ભેટથી ઓછા નથી. પાકિસ્તાન અને ભારત વચ્ચે પહેલાથી જ તણાવ ચાલી રહ્યો છે. હવે, અફઘાનિસ્તાન સાથે વધતા તણાવ સાથે પાકિસ્તાન એક સાથે બે મોરચે દબાણ અને અસ્થિરતાનો સામનો કરી રહ્યું છે. આનાથી પાકિસ્તાનની રાજનીતિ, સુરક્ષા અને અર્થતંત્ર સામે પણ ઘણા પડકારો ઊભા થશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**વિશ્લેષકો કહે છે કે બંને પક્ષો વચ્ચે વિશ્વાસનો અભાવ, આર્થિક તણાવ અને અસરકારક સુરક્ષા ઉપકરણના અભાવે એક સમયે છુપાયેલા સંઘર્ષને ખુલ્લી દુશ્મનાવટમાં ફેરવી દીધો છે**

## BUSINESS મિત્ર

ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટે સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં

# બીજા દિવસે શેરબજાર ઘટ્યું, મિડકેપ શેરોમાં ધોવાણ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 14: વૈશ્વિક અનિશ્ચિતતાની વચ્ચે આજે વીકલી એક્સપાયરીના લીધે ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટ રહી હતી અને અંતે સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જોકે, શેરબજારમાં શરૂઆતમાં ભારત-અમેરિકા વેપાર વાટાઘાટોમાં સુધારો અને મજબૂત સ્થાનિક આર્થિક પરિસ્થિતિઓ નજીકના ભવિષ્યમાં સ્થિરતા અને મજબૂતી પ્રદાન કરી શકે, તેની પાછળ સુધારા સાથે ખુલ્યા હતા પણ વીકલી એક્સપાયરીની અસર વધી હતી, ખાસ કરીને મિડકેપ શેરોમાં વેચવાલીનું દબાણ વધુ જોવાયું હતું. જેના લીધે નિફ્ટી 25150 પોઈન્ટની નીચે સરકી જવા પામ્યા હતા. જેમાં રોકાણકારોના રૂ. 3 લાખ કરોડ સ્વાહા થઈ ગયા હતા.

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સોદો ખરેખર પુર્ણ ન થાય ત્યાં સુધી રોકાણકારો સાવચેત રહે છે. કારણ કે ટ્રમ્પની નીતિ ઘણીવાર અનિશ્ચિતતા પર આધારિત હોય છે. આ ઉપરાંત, મધ્ય પુર્વમાં શાંતિ વાટાઘાટોમાં પ્રગતિ વૈશ્વિક ભૌગોલિક રાજકીય વાતાવરણ માટે સકારાત્મક સંકેત છે. તે જ સમયે, યુક્રેનના રાષ્ટ્રપતિને મળનારા છે, જેમાં શસ્ત્રો અને સહાય આપે તેવી સંભાવના છે. બીએસઈ સેન્સેક્સ 297.07 પોઈન્ટ એટલે કે 0.36 ટકા ઘટીને 82029.98 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સે 82000 પોઈન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી જાળવી રાખી છે. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 82573 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 81781 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 81.85 પોઈન્ટ એટલે કે 0.32 ટકા ઘટીને 25150 પોઈન્ટની સપાટી તોડીને 25145.50 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25310 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25060 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 128.55 પોઈન્ટ એટલે કે 0.23 ટકા ઘટીને 56496.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે આનંદ રાઠી વેલ્થમાં 11.53 ગણા, સીસીઆઈમાં 8.75 ગણા, ધ રેમ્કો સિમેન્ટ 5.57 ગણા, ટાટા ઈન્વેસ્ટમેન્ટ 4.2 ગણા અને જયુબીલન્ટ ફુડવર્કસમાં 3.94 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે આનંદ રાઠી વેલ્થમાં 40.85 ગણા, કેઈસી ઈન્ટરમાં 6.09 ગણા, ઈરેડામાં 4.54 ગણા, ટાટા ઈન્વેસ્ટમેન્ટમાં 3.94 ગણા અને એંજલ વનમાં 3.16 ગણા કામકાજ નોંધાયા છે. આગેવાન શેરોની સરખામણીએ બ્રોડર માર્કેટનું વધુ ધોવાણ થયું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 0.74 ટકા અને સ્મોલકેપ ઈન્ડેકસ 0.95 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઈ ખાતે 1339 શેરો વધ્યા હતા, જ્યારે 2868 શેરો ઘટયા હતા, જ્યારે 134 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 1.52 ટકા ઘટયો હતો. જે છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં 1.59 ટકા વધ્યો હતો. જેમાં બેન્ક ઓફ મહારાષ્ટ્ર, યુકો બેન્ક, ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, સેન્ટ્રલ બેન્ક, પંજાબ એન્ડ સિંધ બેન્ક, યુનિયન બેન્ક, બેન્ક ઓફ ઈન્ડિયા, કેનેરા બેન્ક, ઈન્ડિયન બેન્ક અને બેન્ક ઓફ બરોડા ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફ્યુચર્સ 291 પોઈન્ટના ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જે અમેરિકન શેરોમાં નકારાત્મક શરૂઆતના સંકેત આપે છે. અમેરિકા-ચીન વચ્ચેના નવા વેપાર તણાવના લીધે યુરોપિયન બજારો નીચા વેપાર કરે છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પ્રત્યે નરમ સ્વર અપનાવ્યા પછી એશિયન બજારો પણ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.41 ટકા, કેક 1.24 ટકા અને ડેક્સ 1.33 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. એશિયન બજારોમાં નીક્કી 3.03 ટકા, સ્ટ્રેઈટસ 0.81 ટકા, હેંગસેંગ 1.81 ટકા, તાઈવાન 0.49 ટકા, કોસ્પી 0.64 ટકા, જકાર્તા 1.99 ટકા અને શાંઘાઈ 0.63 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### ડોલરમાં બાઉન્સ બેક, 11 પૈસા વધ્યો

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 88.67 રૂ. |
| યુરો | 103.10 રૂ. |
| પાઉન્ડ | 118.22 રૂ. |
| યેન | 0.5827 રૂ. |

છેલ્લા એક સપ્તાહથી કરન્સી બજારમાં સાંકડી વધઘટ વચ્ચે અથડાતું જોવા મળ્યું હતું અને સીમિત દાયરામાં રહ્યું હતું. જેમાં બે દિવસથી રૂપિયામાં નજીવો સુધારો જોવા મળ્યો હતો, પણ આજે ડોલરમાં બાઉન્સ બેક થયો હતો અને ડોલરની સામે રૂપિયો 11 પૈસા ઘટીને 88.79ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 88.68ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 102.06, પાઉન્ડ 118.40, કેનેડિયન ડોલર 62.97, ઓસ્ટ્રેલિયન ડોલર 56.83, જાપાનીઝ યેન 0.5841, સીંગાપોર ડોલર 68.30ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -297.07 | 82029.98 |
| નિફ્ટી | -81.85 | 25145.50 |
| બેન્ક નિફ્ટી | -128.55 | 56496.45 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મેક્સ હેલ્થકેર | 1.59 | 1161.50 |
| વિપ્રો | 1.34 | 248.42 |
| ટેક મહિન્દ્રા | 1.18 | 1468.00 |
| અપોલો હોસ્પિટલ | 1.15 | 7759.00 |
| પાવરગ્રીડ | 0.47 | 287.50 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા મોટર્સ | 1.14 | 395.45 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.99 | 1237.30 |
| બજાજ ફાઇનાન્સ | 1.70 | 1019.15 |
| ટીસીએસ | 1.56 | 2960.30 |
| બીઇએલ | 1.71 | 402.40 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.25 | 1469.00 |
| ICICI બેન્ક | 0.36 | 1384.00 |
| પાવરગ્રીડ | 0.32 | 287.35 |
| એચયુએલ | 0.31 | 2500.00 |
| રિલાયન્સ | 0.04 | 1375.65 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા મોટર્સ (ડીમર્જર) | 40.16 | 395.50 |
| બજાજ ફાઇનાન્સ | 1.80 | 1018.60 |
| બીઇએલ | 1.76 | 402.15 |
| ટાટા સ્ટીલ | 1.71 | 170.00 |
| ટીસીએસ | 1.56 | 2960.30 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૪ | ૫૦/૩૬ '' | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૩૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૨૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૧.૫ |
| ૬૮/૩૬ | ૧૨૬ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૦ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭.૨૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૦ | ૮૦/૧૦૮ '' | ૧૩૪ | ૩૦/૩૬ એફડી | --- |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૬૦ | કોપરેલ | ૭૮૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૬૦ | વનસ્પતિ ઘી | ૨૩૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૧૭૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૦૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૯૦ | મકાઇ તેલ | ૨૪૦૦ |
| સરસીયું તેલ | ૨૯૫૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૦૦૦૦ |
| તેજાબી સોનું | ૧૨૯૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૨૩૫૦૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૨૭૪૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૦૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૮૧૬૦૦ |
| ચાંદી સિક્કા | ૧૮૩૧૦૦ |

# તહેવાર સિઝનમાં વેપાર 4.75 લાખ કરોડને પાર નીકળી જશે

**જીએસટી** ઘટાડા, વ્યાજદરમાં ઘટાડો અને આવકવેરાની મુક્તિ મર્યાદા વધારાતા તહેવારી સિઝનની ખરીદીમાં જોરદાર ઉછાળો જોવાયો: સીએઆઇટી

નવી દિલ્હી, તા. 14: આવકવેરા મુક્તિ, ઓછા વ્યાજ દરો અને જીએસટીમાં ઘટાડાની ત્રિપુટીએ આ તહેવારોની સીઝનની ગતિશીલતામાં વધારો કર્યો છે. બજારોમાં જબરદસ્ત પ્રવૃત્તિ જોવા મળી રહી છે, વેપારીઓને આશા છે કે નવરાત્રીની શરૂઆત સાથે, દિવાળી સુધી ચાલતી વર્તમાન તહેવારોની મોસમમાં ખરીદ-વેચાણના તમામ જૂના રેકોર્ડ તૂટી જશે. આ વખતે ખાસ વાત એ છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વદેશી અપનાવવાના આહ્વાન બાદ ખરીદદારોમાં ભારતીય ઉત્પાદનોની માંગ વધી છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના રાષ્ટ્રીય મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું કે, દિવાળી સુધીની તહેવારોની મોસમમાં દેશભરના રિટેલ બજારોમાં અત્યાર સુધીનું સૌથી વધુ 4.75 લાખ કરોડ રૂપિયાનું ટર્નઓવર જોવા મળશે. જે પાછલી તહેવારોની સીઝનના 4.25 લાખ કરોડ રૂપિયા કરતા 11.76 ટકા વધુ છે. આમાં મુખ્યત્વે સ્વદેશી ઉત્પાદનોનું યોગદાન આપવામાં આવશે. ખંડેલવાલે કહ્યું કે, આવકવેરા, વ્યાજ દર અને જીએસટીમાં રાહતથી લોકોનો તહેવારોની ખરીદી માટે ઉત્સાહ વધ્યો છે. નવરાત્રી અને કરવા ચોથના ઉત્તમ વેચાણના આંકડા તેની તસવીર કહી રહ્યા છે. ધનતેરસ અને દિવાળી આવવાની બાકી છે. કેટના જણાવ્યા અનુસાર, દિવાળી સુધી ચાલતા તહેવારોનું વેચાણ ચાર વર્ષથી વધી રહ્યું છે.

સીએઆઈટીનો દાવો છે કે ચાઈનીઝ ઉત્પાદનોનો બહિષ્કાર કરવાનું વલણ દર વર્ષે મજબૂત થઈ રહ્યું છે. ગલવાન કેસ પછી, વેપારીઓ અને ગ્રાહકો બંને ચીની ઉત્પાદનોની ખરીદી અને વેચાણથી દૂર હતા. આ દિવાળી પર બજારમાંથી ચાઈનીઝ ઉત્પાદનો લગભગ ગાયબ છે.

તહેવારોની આ સિઝનમાં એફએમસીજીથી લઈને ટેક્સટાઈલ, ગ્રોસરી અને ઓટોમોબાઈલ્સ સુધી દરેક સેક્ટરમાં બમ્પર બિઝનેસ રહેવાની અપેક્ષા છે. આ સમયે ખરીદદારો જે સ્વદેશી વસ્તુઓ માટે ખૂબ ઉત્સાહ બતાવી રહ્યા છે તેમાં માટીના દીવાઓ, મૂર્તિઓ, દિવાલ લટકાવવા, હસ્તકલા, પૂજા સામગ્રી, એફએમસીજી ઉત્પાદનો, ઘરની સજાવટની વસ્તુઓ, ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ્સ, કાપડનો સમાવેશ થાય છે.

# ઓક્ટોબરમાં આવેલા આઈપીઓમાં રોકાણકારોને નિરાશા

**12 આઇપીઓમાંથી** 8 આઇપીઓમાં ડિસ્કાઉન્ટમાં, રોકાણકારોના નાણાં ધોવાયા

મુંબઈ, તા. 14: ઓક્ટોબર 2025 માટેના 12 મુખ્ય આઈપીઓમાંથી 8 તેમની ઈશ્યૂ કિંમતથી નીચે ટ્રેડ કરી રહ્યા છે. મોંઘા ભાવ, નીચું રિટેલ રોકાણ અને લિસ્ટિંગ પછીના ઉત્સાહનો અભાવ મુખ્ય કારણો છે. જેના લીધે મોટાભાગના આઈપીઓમાં રોકાણકારોના નાણાંનું ધોવાણ થતું જોવા મળ્યું છે. જેથી રોકાણકારોમાં નિરાશા જોવા મળી છે. એકબાજું સેકેન્ડરી બજારમાં રોકાણકારોના નુકશાન બાદ પ્રાયમરી બજારમાં પણ નુકશાન શરૂ થતાં આવનારા દિવસોમાં આઈપીઓ બજારને મોળો પ્રતિસાદ સાંપડે તેવું માનવામાં આવી રહ્યું છે. ઓક્ટોબર 2025 માં બહાર આવેલા 12 મોટા આઈપીઓ માંથી, 8 આઈપીઓ તેમની ઈશ્યૂ કિંમતથી નીચે ટ્રેડ કરી રહ્યા છે. આ સ્પષ્ટ સંકેત છે કે પ્રાયમરી માર્કેટમાં રોકાણકારોની ઉત્સુકતા હવે ઘટી રહી છે. નિષ્ણાતો આના ત્રણ કારણોને જવાબદાર ગણાવે છે. જેમાં ઊંચા ભાવો, રિટેલ રોકાણકારોની ઓછી ભાગીદારી અને લિસ્ટિંગ પછી ઉત્સાહનો અભાવ. આ યાદીમાં ટોચ પર ઓમ ફ્રેઈટ ફોરવર્ડર્સ છે, જે 8 ઓક્ટોબરના રોજ લગભગ 40 ટકાના તીવ્ર ઘટાડા સાથે સૂચિબદ્ધ થયા હતા. તેની ઈશ્યૂ કિંમત 135 રૂપિયા હતી, પરંતુ હવે તે તેનાથી લગભગ 27 ટકા નીચે ટ્રેડ કરી રહી છે. ગ્લોટિસ બીજા નંબર પર છે, જે શેર દીઠ 129 રૂપિયાના ભાવે જારી કરવામાં આવી હતી. હવે સ્ટોક તેના ઈશ્યૂ પ્રાઈસથી લગભગ 40 ટકા નીચે છે. એટલે કે તેણે અત્યાર સુધીમાં રોકાણકારોને સૌથી વધુ નુકસાન પહોંચાડ્યું છે.